## પ્રકરણ : ૧૪

# આચાર્ય શ્રીવજ્રસેનસૂરિ

આર્ય વજ્રસ્વામીની પાટે આ૦ વજ્રસેનસૂરિ આવ્યા છે.

તેમનો વીર સં. ૪૯૨માં જન્મ, સં. ૫૦૧માં દીક્ષા, સં. ૫૮૪માં ગચ્છનાયકપદ, સં. ૬૧૭માં યુગપ્રધાનપદ અને સં. ૬૨૦માં ૧૨૯ વર્ષની ઉંમરે તેમનું સ્વર્ગગમન થયું છે. તેઓ ઉંમરમાં અને દીક્ષામાં આર્ય વજ્રસ્વામીથી મોટા હતા, ૧૧૯ વર્ષનો દીક્ષાપર્યાય હોવાથી દીર્ઘ અનુભવી અને દરેક બાબતના સંપૂર્ણ જ્ઞાતા હતા, દીર્ઘજીવી હતા.

તેમની અધ્યક્ષતામાં વીર સં. ૫૬૦, વિ. સં. ૧૫૦માં ગિરનાર તીર્થનો ઉદ્ધાર થયો હતો. આ૦ પ્રભાચંદ્રસૂરિ લખે છે કે, આ ઉદ્ધાર જાકુટિ* શ્રાવકે કરાવ્યો હતો અને તેની પ્રશસ્તિમાં આ૦ પાદલિપ્તસૂરિ તથા આ૦ વૃદ્ધવાદિસૂરિને વિદ્યાધરવંશના ઉલ્લેખ્યા છે. આ સમયે અહીં જૈનધર્મપ્રેમી મહાક્ષત્રપોનું રાજ્ય હતું.

ત્યાર પછી વીર સં. ૫૭૦માં શત્રુંજય તીર્થનો ઉદ્ધાર થયો; જેમાં આર્ય વજ્રસ્વામી તથા આ૦ વજ્રસેનસૂરિજીએ મોટી જહેમત ઉઠાવી હતી, એ વાત કહેવાઈ ગઈ છે.

બાર દુકાળી પડતાં આર્ય વજ્રસ્વામીજીએ દક્ષિણમાં જઈ સાથેના મુનિઓ સાથે રથાવર્તગિરિ પર અનશન કર્યું ત્યારે આ૦ વજ્રસેન પણ તેઓની સાથે જ હતા કિન્તુ આર્ય વજ્રસ્વામીએ એમ જાણ્યું કે આ૦ વજ્રસેનસૂરિ બાર દુકાળી પછી ગણધરવંશ અને વાચકવંશની પરંપરાને સજીવન કરી શકશે તેથી તેમને અનશન કરવાની મનાઈ કરી હતી અને આ૦ વજ્રસેનસૂરિજીએ પણ ગુરુઆજ્ઞાને શિરોધાર્ય કરી ગુરુજીની એ ભાવનાને સર્વાંશે સફળ બનાવી હતી.

જો કે યુગપ્રધાન આ૦ ભદ્રગુપ્તસૂરિએ ''જે મુનિ આર્ય વજ્રસ્વામીની સાથે એક રાત વસશે તે તેમની સાથે જ અનશન કરશે'' આવું ભવિષ્ય ભાખ્યું હતું તે સાચું પડ્યું છે. પરંતુ તેમાં અપવાદરૂપે માત્ર

---

★ જાકુટિ એ સંસ્કૃત નામ છે, તેનું પ્રાકૃત નામ જાઉડિ અને જાવડ થાય. એટલે પ્રસિદ્ધ જાવડશાહે જ આ ઉદ્ધાર કરાવ્યો હોય તો તે બનવાજોગ છે. જાવડશાહ વી. સં. ૫૭૦માં સ્વર્ગે ગયા છે. 'પ્રભાવકચરિત્ર'ની બીજી પ્રતિમાં જાઉડિ નામ આપેલ છે.